દાખલ તારીખ	:	૧૦	૦૮	૨૦૨૧
નિકાલ તારીખ	:	૧૧	૦૭	૨૦૨૩
સમય અવધિ	:	વર્ષ	માસ	દિવસ

રાજકોટના મહે. નવમાં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

ફોજદારી કેસ નં. : ૨૮૩૧૬/૨૦૨૧

આંક : ૨૬

આઈ.સી.આઈ.સી.આઈ. બેંક લી.,
પી.ઓ.એ. હોલ્ડર નિરવ કમલેશભાઈ ભટ્ટ,
રાજકોટ. **::::: ફરિયાદી**

–: વિરૂધ્ધ :–

રામજીભાઈ બાબુભાઈ રાજોરીયા,
ઠે. લોકમાન્ય તિલક ટાઉનશીપ,
બ્લોક નં.ઈ/૧૨, રેલ નગર,
પેટ્રોલ પંપ સામે, **::::: આરોપી**

વિષય : ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ, ૨૦૦૭ ની કલમ–૨૫ મુજબની ફરિયાદ

ફરીયાદપક્ષે વિધ્વાન વ. શ્રી પી.પી.કોટેચા
આરોપીપક્ષે વિધ્વાન વ. શ્રી કે.ડી.ચૌહાણ

// ચૂ કા દો //

(૧) ફરિયાદપક્ષ ના કેસની ટુંક હકીકત એવી છે કે, ફરીયાદી બેંક અલગ અલગ પ્રકારની લોન આપે છે. ફરીયાદીને સદરહુ ફાઈલ કરવા ઓથોરીટી બેંક દવારા આપવામાં આવેલ છે. આરોપીએ ફરીયાદી બેંક પાસે લોનની માંગણી કરતા ફરીયાદી બેંક દવારા ઓટો લોન મેળવેલ

અને આરોપીએ તમામ પ્રકારની શરતો મંજુર રાખેલ. જે લોનના હપ્તાની ચુકવણી આ કામના આરોપીએ માસીક નીયમીત હપ્તાથી ચુકવવાની હતી અને તે રકમ ચુકવવા માટે આ કામના આરોપીએ ઈ.સી.એસ. દ્રારા યુનીયન બેંક ઓફ ઈન્ડીયામાના તેમના ખાતા માંથી આ લોનના માસીક હપ્તા દ્રારા રૂા.૯,૯૦૧/– ઈ.સી.એસ. આદેશ દ્રારા લોનની ગીરો સુધી જમા કરાવવા આરોપીએ સ્વીકાર્યુ હતુ. સદરહુ ઈ.સી.એસ.ના આધારે ફરીયાદીએ તહોમતદારની સુચના મુજબની બેંકના તેના ખાતામાંથી રૂા. ૩,૭૨,૭૧૦/– વસુલવા માટે તા. ૧૭/૬/૨૦૨૧ ના રોજ મોકલતા તહોમતદારની બેંક તરફથી ''ઈનસફીસીયન્ટ ફંડસ'' ના શેરા સાથે રકમ ચુકવાયા વગરની ફરીયાદી બેંકમાં પરત આવેલ. આમ આરોપીએ આપેલ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન મુજબની રકમ ફરીયાદીને ન મળતા ફરીયાદીએ તેમના એડવોકેટ મારફત રજી. એડી.થી તહોમતદારને નોટીસ આરોપીને બજી ગયેલ છે. આમ, તહોમતદારે ફરીયાદીની બાકી લેણી રકમ ચુકવેલ નથી કે કોઈ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ–૨૫ (સરળતા ખાતર ''એકટ'') અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાથી હાલની ફરીયાદ દાખલ કરી છે.

(૨) ફરીયાદીએ હકીકત વાળી, ફરીયાદ રજુ કરતાં તત્કાલીન મેજીસ્ટ્રેટશ્રી દવારા આરોપી વિરૂઘ્ધ પ્રાઈમાફેસી કેસ જણાઈ આવતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂઘ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ–૨૫ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. જે આરોપીને બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૦૭ મુજબ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કરી સંમસ ટ્રાયલ કેસ ચલાવવાનો હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો **આંક–૬** થી જવાબ (પ્લી) નોંધવામાં આવતા આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૩) આરોપી સામેના ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે, નીચે મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

:: મૌખિક પુરાવો ::

અ.નં.	સાહેદનું નામ	આંક
૧	ફરીયાદી નીરવ કમલેશભાઈ ભટ્ટનું સરતપાસનું સોગંદનામું	૦૪

:: દસ્તાવેજી પુરાવો ::

અ.નં.	દસ્તાવેજની વિગત	આંક
૧	ઓટો ડેબીટ મેમો	૧૫
૨	નોટીસ	૧૬
૩	રજી.એડી. કર્યા અંગેની પહોંચ	૧૭
૪	એકનોલેજમેન્ટ	૧૮
૫	લોન રીકોલ નોટીસ	૧૯
૬	કુલ બાકી દર્શાવતુ સ્ટેટમેન્ટ	૨૦
૭	લોન અકાઉન્ટ સ્ટેટમેન્ટ	૨૧
૮	પાવર ઓફ એર્ટની	૨૨

(૪) ફરીયાદપક્ષ તર્ફે ઉપરોકત પુરાવો રજુ થયેથી આ કામે ફરીયાદીની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ. તેમા તેઓ વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારબાદ, આરોપી કે તેમના વિ.વ.શ્રી મુદૃતે હાજર નહી રહેતા અગર કોઈ રીપોર્ટ પણ રજુ કરતા ન હોય ફરીયાદપક્ષે **આંક–૨૩** થી અરજી રજુ કરતા સદર કાયદો કવોસી એકટ હોય આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. સદર કામે આરોપી તર્ફે પ્લી રેકર્ડ કર્યા બાદ બચાવ રજુ કરવા સબઘે કોઈ અરજી પણ આપવામા આવેલ નથી. નામદાર સુપ્રીમકોર્ટના **ધી ઈન્ડીયન બેંક એસોસીયેશનના** ચુકાદામા ઠરાવ્યા મુજબ આ કામે આરોપીએ પોતાની વિરૂધ્ધમાં જે પુરાવો આવેલ છે તેનો ખુલાસો કરવા અગર વિરૂધ્ધની હકીકત પુરવાર કરવા સારૂ હાજર રહેલ નથી. ફરીયાદી તરફે **આંક–૨૪** થી કલોઝીગ પૂરસીસ રજુ થતા પુરાવાનું સ્ટેજ બંધ કરવામા આવેલ.

(૫) ત્યારબાદ, સદર કામ દલીલ ઉપર રાખવામા આવેલ અને ફરીયાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળવામા આવેલ છે,જયારે આરોપી અગર તેમના વિ.વ.શ્રી હાજર ન રહેતા અગર કોઈ રીપોર્ટ પણ રજુ નહી કરતા આરોપીની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

ફરીયાદીના વિદવાન વકીલ શ્રીએ તેમની મૌખીક દલીલોમાં ફરીયાદમા જણાવેલ હકીકતોનુ પુનોચ્ચારણ કરી વધુમાં દલીલ કરેલ છે કે,હાલના કામે આરોપી પ્લી રેકર્ડ કરાવ્યા બાદ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી. **આંક–૧૫** થી ઓટો ડેબીટ મેમો રજુ કરેલ છે. સદરહુ એકાઉન્ટ આરોપી ધરાવતા નથી તેવી આરોપી તર્ફે બચાવ તકરાર નથી. આમ રજુ દસ્તાવેજ ઉપરથી તથા રિટર્ન મેમો ઉપરથી ઈસીએસ કલીયર થયા વગર પરત ફરેલનું જણાય આવે છે. આમ ફરિયાદીની સોગંદ ઉપરની

જુબાની ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી. આરોપીની બેંક દ્રારા આપવામા આવેલ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન રીર્ટન કર્યાનો મેમો ''**ફંડ ઈનસફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત આવેલ છે જે રીર્ટન મેમો **આંક–૧૫** થી રજુ થયેલ છે. **આંક–૧૬** થી આરોપીને વકીલશ્રી મારફતે નોટીસ આપેલી જે નોટીસ બજી જવા છતાં આરોપીએ રકમ ચુકવી આપેલ નથી.આરોપી તર્ફે ચેકમાં તેઓની સહી નહી હોવા બાબતનો કોઈ બચાવ લેવામાં આવેલ નથી. આરોપીએ ફરીયાદીની તરફેણમાં ઉત્પન નેગો એકટની કલમ–૧૩૯ નુ રીબર્ટલ પુરાવો રજુ કરેલ નથી. જેથી આરોપીને કાયદામાં જણાવેલ પુરે પુરી સજા ફરમાવી ફરીયાદીને વળતર અપાવવા અરજ કરેલ છે.

(૬) ફરીયાદીની ફરીયાદ અન્વયે ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

:::–– મુદ્દાઓ ––:::

૧. શું ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ–૨૫ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શુ હુકમ

ઉપરોકત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમા
૨. છેવટના હુકમ પ્રમાણે

// કા ર ણો //

(૭) આ કામે આરોપી વિરુધ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ–૨૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાની ફરિયાદ આંક–૦૧ થી દાખલ થયેલ છે. આ તબકકે પેમેન્ટ એન્ડ સેલટલમેન્ટ એકટની કલમ –૨૫ વંચાણે લેવી જરૂરી જણાય આવતી હોય જે નીચે મુજબ છે.

Section 25 in The Payment and Settlement Systems Act, 2007 25 Dishonour of Electronic Funds Transfer for insufficiency, etc., of funds in the account.(1) Where an electronic funds transfer initiated by aperson from an account maintained by him cannot beexecuted on the ground that the amount of moneystanding to the credit of that account isinsufficient to honour the transfer instruction orthat it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, suchperson shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both: Provided that nothing contained in this section shall

apply unless

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt on other liability;

(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued by the system provider;

(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic funds transfer within thirty days of the receipt of information by him from the bank concerned regarding the dishonour of the electronic funds transfer; and

(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

(2) It shall be presumed, unless the contrary isproved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.

(3) It shall not be a defence in a prosecution for an offence under subsection

(1) that the person, who initiated the electronic funds transfer through an instruction, authorization, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorization, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

(4) The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

(5) The provisions of Chapter XVII of the Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the dishonour of electronic funds transfer to the extent the circumstances admit. Explanation. For the purpose of this section, debt or other liability means a legally enforceable debt or other liability, as the case may be.

(૮) આમ આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા માટે ફરીયાદીએ સદર એકટની કલમ–૧૪૫(૧) અન્વયે ફરીયાદની હકીકતોને સમર્થનકારક પુરાવાનુ સોગંદનામાથી રજુ કરી આરોપીએ તકરારી ચેક કાયદેસરના દેવા પેટે આપેલાની હકીકતોનુ પુનોચ્ચારણ કરી **આંક – ૧૫ થી ૨૨** સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. ફરીયાદીનો **આંક – ૪** થી રજુ મૌખિક પુરાવો ઘ્યાને લેતા **આંક–૧૫** થી ઓટો ડેબીટ મેમો ઘ્યાને લેતા તકરારી ચેક '' **ફંડ ઈનસફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત આવેલ છે. **આંક– ૧૫** આરોપીની બેંક દ્રારા આપવામા આવેલ ઓટો ડેબીટ મેમાના આધારે ફરીયાદીએ આરોપીને **આંક– ૧૯** થી માંગણાની

નોટીસ આપેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા આરોપીએ ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી. નામદાર સુપ્રિમ કોર્ટનો **રંગપ્પા વિ. મોહન,2010 AIR SCW મા પ્રતિપાદિત સિધ્ધાંત ધ્યાને લેતા** જો આરોપી પોતાનો પ્રોબેબલ ડીફેન્સ રજુ ન કરી શકે તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ આરોપીની વિરુધ્ધમાં અનુમાન કરવાનુ રહે છે. આરોપીનો બચાવ પ્રોબેબલ હોવો જોઈએ તેણે એક સંભાવવાની બહુતુલ્યતા બતાવવાની છે અને આરોપીએ પોતાનો બચાવ માટે વીટનેશબોક્ષમા આવવાની જરૂર નથી તે ફરીયાદીના પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવા ઉપરથી પણ આપી શકે છે પરંતુ આ કામે આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી. આમ,ફરીયાદીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ (૨) મુજબ પોતાનો પુરાવો રજુ કરી પોતાની સમગ્ર ફરીયાદ હકીકત પુરવાર કરેલ છે જે હકીકતોનુ ખંડન આરોપી હાજર રહી ફરીયાદીની ઉલટતપાસ કરીને ખંડન કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદીએ ઉપરોકત રજુ પુરાવાથી ગુનો બનતો હોવાની હકીકતો તમામ આવશ્યકતાઓ પુરવાર કરેલ છે.

(૯) હાલના કેસના રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીનું નિવેદન ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:– ૨૫૧ અન્વયે નોંધવામાં આવેલ છે ત્યારે હાલની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે:

Section:251 When in a summons-case the accused appears or is brought before magistrate, the particulars of the offence of which he is accused shall be stated to him, and *he shall be ask whether he pleads guilty or* has any defence to make, but it shall not be necessary to frame a formal charge.

આમ,ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો જયારે સમન્ય ટ્રાયલ કેસમાં જયારે આરોપી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થાય કે તેઓને હાજર કરવામાં આવે ત્યારે આરોપીને તેઓની સામેના આક્ષેપની વિગતોની જાણ કરવાની અને તેમા તેઓને આ ગુનો કબુલ રાખવા માંગે છે અથવા તો તેઓ આ ગુનામા પોતાનો કોઈ બચાવ કરવા માંગે છે કે કેમ? તે મુજબની જોગવાઈ છે. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલી છે પ્રથમ ભાગ આ કામના આરોપીને તેઓની સામે આક્ષેપીત ગુનાની વિગતોની તેઓને જાણ કરી તેઓ ગુનો કબુલ કરવા માંગે છે કે કેમ? તે બાબત આરોપીને પુછવાની રહે છે. જયારે બીજા ભાગને ધ્યાને લેવામાં આવે તો તે આક્ષેપીત ગુનામાં

પોતાનો બચાવ રજુ કરવા માંગતા હોવાનુ જાહેર કરે તો આરોપીએ કાયદેસરનુ દેવુ અગર લેણુ નથી તે હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી કક્ષાના પુરાવાથી પુરવાર કરવાની રહે છે.

(૧૦) ક્રિમીનલ ટ્રાયલના સિધ્ધાંતો ધ્યાને લેતા સામાન્ય રીતે ફોજદારી કાર્યવાહી આરોપીની હાજરીમા ચલાવવાની રહે છે પરંતુ સદર કામે આરોપીની વર્તણુક ધ્યાને લેતા આરોપી પ્લીના સ્ટેજે હાજર રહી ગુના કબુલાતનો ઈનકાર કરેલ છે અને ત્યારબાદ પુરાવાના સ્ટેજે તેઓ અગર તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી અને તેમ કરી ઈરાદાપુર્વક કેસ લંબાવી કેસને વોરંટના સ્ટેજે લઈ જઈને ઈરાદાપુર્વક ટ્રાયલને વિલંબમા નાખવાનો ભરપુર પ્રયાસ આરોપી દ્રારા કરવામા આવેલાનુ રેકર્ડ ઉપરથી ફલિત થાય છે ત્યારે આરોપીના તેવા ઈરાદાપુર્વકના ગેરકાયદેસરના કૃત્યને કારણે કેસની કાર્યવાહી મોકુફ રાખી શકાય નહી. આરોપીને તેના કેસ અંગે પુરતી માહીતી હોવા છતા મુદતે કોર્ટમા હાજર નહી રહી કેસને એક યા બીજી રીતે વિલંબમા નાખવાનો અને ન્યાયાયીક પ્રકિંયામાં અવરોધ કરી લંબાવવાનો પ્રયાસ કરવામા આવેલાની નોધ આ તબકકે લેવી ઘટે છે. હાલમા આવા કેસોમા આરોપી તર્ફે આવી ટેન્ડન્સી અપનાવવાનુ વલણ ખુબ જ વધી ગયુ છે. જે તમામ હકીકતોને ધ્યાને લેતા આરોપીની ગેરહાજરીના કારણે ન્યાયીક કાર્યવાહી મોકુફ રાખી શકાય નહી અને કાયદાનો દુરપયોગ થવા દઈ શકાય નહી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્ટેટ ઓફ ગુજરાત વિ.નરુભાઈ અમરાભાઈ ચુનારા**ના ચુકાદામાં ઠરાવેલ છે કે

''**(4)** Now, ordinarily, a matter cannot be said to be ready to be placed on the fnal hearing board till the date concerned accused against whom it is admitted is duly served and appears before the Court either personally or through his learned advocate.To this ordinary practice,one just and legal exception is carved out where the respondent when found to be absconding, and ultimately declared to be so by this Court there is indeed no question of serving any other notice upon him and matter can be said to be or deemed to be ready for all purposes. When accused in one breath with manifest intention avoids service of notice upon him and successfully manages to do so, he in his second breath cannot be subsequently permitted to say that the appeal against him cannot be heard in his absence when he was not duly served. No person can be

permitted to earn beneft out of his double standards - own wrong.In fact ,under such circumstances not to enlist this appeal on the fnal hearing board , would be to indirectly play in the hands of some tricky, scheming, mischievous respondent - accused who is always and quite obviously and out and out interested in seeing that the matter does not reach the fnal hearing and thereby successfully avoid final judgment for quite some indefinite time passed against him apprehending that acquittal order if quashed and set a side, he would be at once convictied and sentenced for the alleged offence and accordingly forwarded to jail to serve out the imprisonment. Such deliberately created mischievous situations where in accused illegally has the upper-hand is simply not permissible and cannot be countenanced that lightly. The principle of hearing the accused before any order of conviction and sentence is recorded against him cannot be permitted to be abused and stretched to such an illogical and absurd extent where he can bring the administration of justice to the grinding halt at his whims and caprice avoiding the notice to be served upon him keeping the Court at a safe distance , ultimately taking advantage of his own illegal absconsion.''

આમ, નામદાર હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદો અપીલના કામેનો છે.પરંતુ તે ચુકાદામાં પ્રતિપાદિત કરેલા સિધ્ધાંતો હાલના કેસની કાર્યવાહીને પણ લાગુ પડતુ હોવાનુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે,કારણ કે હાલના કેસમાં પણ આરોપીને પ્રોસેસ બજવણી થતા પ્લી રેકર્ડ કરાવી પુરાવાના સ્ટેજ સુધી હાજર રહે છે પરંતુ જયારે ઉલટતપાસનો સ્ટેજ આવેલ ત્યારે ઈરાદાપુર્વક ન્યાયીક કાર્યવાહી વિલંબિત કરવાના હેતુસર ગેરહાજર રહેલ છે અને ગેરહાજરી સબબ કોઈ રીપોર્ટ પણ રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી ત્યારે તેવા સંજોગોમાં સ્પષ્ટપણે આરોપી ઈરાદાપુર્વક ન્યાયાચિક કાર્યવાહીને વિલબંમાં નાખવાના હેતુસર ગેરહાજર રહેતો આવેલાનુ માનવાને પુરતુ અને વ્યાજબી કારણ જણાઈ આવે છે. આરોપીના ઈરાદાપુર્વકના મનસ્વી પ્રકારના કૃત્યને કારણે કોર્ટ કાર્યવાહી અનંતકાળ સુધી મોકુફ રાખી આરોપીને કાયદા સાથે રમત રમવા દઈ શકાય નહી. આરોપીની ફરજ છે કે મુદતે કોર્ટમા હાજર રહે અને ન્યાયીક કાર્યવાહીમાં સહકાર આપી મદદરૂપ બને પરંતુ આરોપીની રેકર્ડ ઉપરની વર્તણુક તદ્દન

વિરૂધ્ધની જણાઈ આવે છે.

વધુમા નામદાર સુપ્રિમ કોર્ટે ***AIR 2014 SC 2528,Indian Bank Association and Others Vs. Union of India and others*** ના ચુકાદામાં જણાવેલ માર્ગદર્શન ધ્યાને લેતા આરોપી હાજર થયેથી કલમ-૨૫૧ ના નિવેદનમાં પોતાની સામેના આક્ષેપનો ઈન્કાર કરે તે વખતે તેણે પોતાનો બચાવ જાહેર કરવાનો રહે છે. પરંતું આરોપી દ્રારા પોતાનો બચાવ જાહેર કરવામાં આવેલ નથી, સદર કામે આરોપીને સંમસ બજી જતા તેઓ હાજર થયેલ છે અને પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાતનો ઈનકાર કરેલ છે, ફરીયાદીપક્ષે પુરાવાનુ સોગંદનામુ રજુ થયેલ હોય આરોપી તર્ફે ઉલટતપાસ માટે રાખવામાં આવેલ પરંતુ આરોપીએ ફરીયાદીની ઉલ્ટતપાસ કરેલ નથી અગર આરોપી કે તેમના વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. આમ,આરોપી તેઓ વિરૂધ્ધની કાર્યવાહીથી સંપુર્ણ રીતે વાકેફ હોવા છતાં તેઓ એ આક્ષેપિત ગુનામાં બચાવ માટે હાજર રહેવાનું પણ પસંદ કરેલ નથી તેવા સંજોગોમાં ભારતીય પુરાવા અધીનીયમ કલમ-૧૧૪ મુજબ આરોપી વિરુધ્ધ અનુમાન ઉપસ્થિત થાય છે કે, આરોપી પાસે આક્ષેપિત ગુનાના કામે માત્ર ઉડાઉ બચાવનો ઈન્કાર કર્યા સિવાય બીજો કોઈ સંભવિત બચાવ નહી હોય. હાલમા આ પ્રકારના કેસોમાં આરોપી તર્ફે આવી ટેન્ડન્સી અપનાવવાનુ વલણ ખુબ જ વધી ગયુ છે. જે તમામ હકીકતોને ધ્યાને લેતા આરોપીની આવી ગેરવર્તણુક અને ગેરહાજરીના કારણે ન્યાયીક કાર્યવાહી મોકુફ રાખી કાયદાનો દુરપયોગ થવા દઈ શકાય નહી અને જેથી ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે. આ તબકકે **નામદાર ગુજરાત હાઈકોર્ટનો શરદ જેઠાલાલ સાવલા વિ.સ્ટેટ ઓફ ગુજરાત, GLH 2017 (3) 146** નો ચુકાદો માનસહ દયાને લેતા તે ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, આરોપીની ગેરહાજરીમા ચુકાદો જાહેર કરવામા આવે તો તે વેલીડ છે. આમ,હાલનો ચુકાદો ઉપર ચર્ચા કર્યા મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૩(૭) અન્વયે જાહેર કરવામા આવે છે.

આમ, હાલના કેસમા ઉપર ચર્ચા કર્યા મુજબ **આંક-૧૫** થી રજુ ઓટો ડેબીટ મેમો ''**ફંડ ઈનસફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ આરોપીને **આંક-૧૬** વાળી કાયદેસરની નોટીસ આપેલ, જે નોટીસ **આંક-૧૮** થી રજુ એકનોલેજમેન્ટ જોતા આરોપીને બજી ગયેલ હોવા છતાં નિર્ધારીત સમય મર્યાદામા ચેક મુબજની રકમ ફરીયાદીને નહી ચુકવી ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ-૨૫ મુજબનો ગુનો આચરેલ હોઈ મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે અને ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ ફરમાવવમા આવે છે.

:: હુકમ ::

(૧)	ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫ (૨) અન્વયે આ કામના આરોપીને ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ–૨૫ મુજબના ગુન્હામા તકસીરવાન ઠરાવી સજા બાબતે સાંભળવા માટે મુલ્તવી રાખવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૧૧, માહે : જુલાઈ, સને : ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૩
રાજકોટ

(જીતેન્દ્રકુમાર શિવપુજનરામ પ્રજાપતિ)
સાતમાં અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
રાજકોટ–GJ00931

સજા બાબતે સાંભળ્યા::

સદર કામે ઉપર જણાવ્યા મુજબ આરોપીને નેગો એકટના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવેલ છે અને સજા બાબતે આરોપીને સાંભળવા માટે રાખવામા આવેલ. પરંતુ આરોપી અગર તેમના વિ.વ.શ્રી હાજર ન હોય તેઓને સાંભળવામા આવેલ નથી. જયારે ફરીયાદીના વિ.વ.શ્રી હાજર હોય તેઓને સાંભળવામા આવેલ છે.

ફરીયાદીના વિ.વ.શ્રીએ યાને ફરીયાદપક્ષના વિ.વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ઈ.સી.એસ. ઈન્સ્ટ્રકશન બેંકને આપેલ હોવા છતા તે મુજબની રકમ ખાતામાં ન રાખી તે રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ. પ્રોબેશન અંગે વિચારીએ તો નામદાર કેરાલા હાઈકોર્ટનો **એમ.વી.નલીન કહાન વિરૂધ્ધ એમ.મેશન ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ પેજ નં.૧૭૦૩** ના ચુકાદામા ઠરાવ્યા મુજબ હાલના કેસમા આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૦ ની જોગવાઈનો લાભ આપવાનુ ન્યાયોચિત જણાઈ આવતુ નથી.

આ તબકકે એ નોધવુ પણ જરૂરી છે કે ધી પેમેન્ટ એન્ટ સેટલમેન્ટ એકટનો હેતુ વ્યાપારીક વ્યવહારોમાં પારદર્શકતા લાવી વ્યવહારોમા ઝડપી નાણાકીય ચુકવણી કરાવવા તેમજ નાણાકીય વિશ્વસનીયતા ટકાવી રાખવાનો છે. હાલમાં દેશ ઝડપથી નાણાકીય વ્યવહારમા પારદર્શકતા લાવવાની દિશામા અગર કેશલેસ ટ્રાન્ઝેકશન તરફ જઈ રહયો છે ત્યારે વાણીજીયક ક્ષેત્રોમાં ચેકની વિશ્વસનીયતા જળવાઈ રહે તે ઘણુ જરૂરી અને આવશ્યક છે. સદર કાયદો ઘડવા પાછળ લેજીસલેચરનો હેતુ પણ કંઈક અંશે તેવો જ છે.આ તબકકે એ પણ નોધવુ જરૂરી છે કે આ પ્રકારના કેસો શકય તેટલી ઝડપથી ચલાવી પુર્ણ કરવાના રહે છે. પરંતુ આરોપી એક યા બીજી યુકિત પ્રયુકિત અજમાવી કોર્ટમાં હાજર નહી રહી કેસને ઈરાદાપુર્વક લંબાવી રાખે છે જેથી ફરીયાદીને આર્થિક બોજો સહન કરવો પડે છે અને માનસિક રીતે પણ સહન કરવુ પડે છે. હાલના કેસમા પણ ઉપર ચર્ચા કર્યા મુજબ આરોપી પ્લીના સ્ટેજે હાજર રહેલ છે પરંતુ પુરાવાના સ્ટેજે ગેરહાજર રહી અને તેમ કરી કામ વોરંટના સ્ટેજે લઈ જઈને ઈરાદાપુર્વક ટ્રાયલને વિલંબમા રાખવાનો પ્રત્યના કરેલ છે. જે તમામ હકીકતો ને ધ્યાને લેતા જો આરોપીને ઓછી સજા કરવામા આવે તો કાયદાનો હેતુ ફળીભુત થશે નહી જે તમામ પાસાઓનો વિચાર કરતા તેમજ કેસની હકીકત ધ્યાને લેતા નાણાંકીય વ્યવહારમાં દાખલો બેસે અને ઉપર જણાવ્યા મુજબ નાણાંકીય વ્યવહારમાં ચેકની વિશ્વસનીયતા જળવાઈ રહે તેને ધ્યાને રાખી બેલેન્સ જળવાઈ

રહે તેવી સજા કરવામા આવે તો ન્યાયનો હેતુ પણ સર થાય તેમ છે જેથી નેગો એકટની કલમ ૧૩૮ સાથે વાચતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯(૨) ની જોગવાઈ ધ્યાને લઈ મુદ્દા નં.૩ અન્વયે ન્યાયના હીતમા મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

:: આખરી હુકમ ::

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૫ (૨) અન્વયે આ કામના આરોપીને ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ–૨૫ મુજબના ગુન્હામા તકસીરવાન ઠરાવી ગુના સબબ એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામા આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૫૭ (૩) મુજબ ફરીયાદીને ઈ.સી.એસ. મુજબના હપ્તાની રકમ વાર્ષિક છ ટકાના સાદા વ્યાજે વળતર તરીકે એક માસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે જો તે મુજબ કરવામા કસુર કરે તો આરોપીએ વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપી ચાલુ કેસ દરમ્યાન કાચા કામના કેદી તરીકે કસ્ટડીમાં રહયા હોય તો તે સજા ક્રિમીનલ પ્રોસીજ કોડની કલમ– ૪૨૮ મુજબ મજરે આપવાની રહેશે.

(૪) સજાના અમલીકરણ માટે આરોપી સામે સજા વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૫) આ હુકમની ખરી નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપી મળી આવ્યેથી તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તા. ૧૧, માહે : જુલાઈ, સને : ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૩
રાજકોટ

(જીતેન્દ્રકુમાર શિવપુજનરામ પ્રજાપતિ)
સાતમાં અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
રાજકોટ–GJ00931